| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | :– | ૧૩/૦૨/૨૦૨૪ |
| દાખલ કર્યા તારીખ | :– | ૧૩/૦૨/૨૦૨૪ |
| ફેસલ કર્યા તારીખ | :– | ૦૮/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | :– | વર્ષ/ માસ/ દિવસ |
| | | ૨ / ૦૧ / ૨૬ |

**કોટડાસાંગણીના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,**
**મુ.–કોટડાસાંગાણી, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબર : ૧૮૪/૨૦૨૪**
**આંક : ૧૬**

**શ્રી સ ર કા ર** ::::: **ફરીયાદી**

**–:: વિ રૂ દ ધ ::–**

**જીવણભાઈ રામભાઈ આંકોલીયા**
રહે.જસદણ વીછીંયા રોડ, તાલુકા પંચાયત પાછળ,
તા.જી.રાજકોટ. ::::: **આરોપી**

**ગુન્હો : ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૨૦ મુજબ.**
**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ.**
**આરોપીઓ તરફે વિ.વ. શ્રી આર.એન.શેઠ.**

**// ચુ કા દો //**

**૧)..** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૧૨/૨૦૨૩ ના કલાક બપોરના આશરે અગીયારેક વાગ્યાના અરસામાં સાંઢવાય ગામે ફરીયાદી અમીતભાઈ રમેશભાઈ પરસાણાના રહેણાંક મકાને આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પોતાના ભાઈ ભાવેશ ઉર્ફે જીગો જેની સગાઈ થતી ન હોય અને જો સગાઈ કરવી હોય તો એક વીધી કરવી પડશે પરંતુ વીધીમાં રૂા.બાવન હજાર રોકડા રૂપિયા મુકવા પડશે તેમ કહી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસેથી રૂા.૫૧,૦૦૦/– રોકડા તથા સાહેદ રમીલાબેનનો ૦૫ તોલાનો સોનાનો હાર મળી કુલ રૂા.૩,૨૧,૦૦૦/– (ત્રણ લાખ એકવીસ હજાર પુરા) એક રૂમાલમાં રાખી પોટલીમાં બાંધી લઈ વિધી પુર્ણ કરી જો આ વીધી બાબતે કોઈને કહેશો તો તમારા ઘરમાં ખરાબ થશે તેમ કહી વીધીના નામે ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી ઉપરોકત રોકડા રૂપિયા તથા સોનાનો ૦૫ તોલાનો હાર સહિતના મુદ્દામાલ સાથે નાસી જઈ, ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન

પાર્ટ એ. ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૬૨૩૦૩૪૬/૨૦૨૩ થી નોંધવામા આવેલ. ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨).. ત્યારબાદ સદર કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરિતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી પ્લી નોંધાતા, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ જેથી સદર કેસ ફરિયાદ પક્ષના પુરાવો નોંધવામાં આવેલ.

૩).. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સદર કામે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

| અ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અમિત રમેશભાઈ પણસારાની સોગંદ પરની જુબાની. | ૦૯ |
| ૨. | સાહેદ રમીલાબેન રમેશભાઈ પણસારાની સોગંદ પરની જુબાની. | ૧૧ |

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ. | ૧૦ |
| ૨. | બનાવવાળા જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૧૨ |
| ૩. | અટક પંચનામાની ખરી નકલ. | ૧૩ |
| ૪. | કલોઝીંગ પુરસીસ. | ૧૪ |

(૪).... ફરિયાદ પક્ષનો રેકર્ડ ઉપરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લીધા બાદ હાલના કામે આરોપી વિરુધ્ધનો કોઈ પુરાવો જણાતો ના હોય. જેથી આરોપીઓ નું સી.આર.પી.સી.ની.કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫).. સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૬).. સદરહુ કેસના ન્યાયીક નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**::: મુદ્દાઓ :::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૮/૧૨/૨૦૨૩ ના કલાક બપોરના આશરે અગીયારેક વાગ્યાના અરસામાં સાંઢવાય ગામે ફરીયાદી અમીતભાઈ રમેશભાઈ પરસાણાના રહેણાંક મકાને આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પોતાના ભાઈ ભાવેશ ઉર્ફે જીગો જેની સગાઈ થતી ન હોય અને જો સગાઈ કરવી હોય તો એક વીધી કરવી પડશે પરંતુ વીધીમાં રૂા.બાવન હજાર રોકડા રૂપિયા મુકવા પડશે તેમ કહી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસેથી રૂા.૫૧,૦૦૦/- રોકડા તથા સાહેદ રમીલાબેનનો ૦૫ તોલાનો સોનાનો હાર મળી કુલ રૂા.૩,૨૧,૦૦૦/- (ત્રણ લાખ એકવીસ હજાર પુરા) એક રૂમાલમાં રાખી પોટલીમાં બાંધી લઈ વિધી પુર્ણ કરી જો આ વીધી બાબતે કોઈને કહેશો તો તમારા ઘરમાં ખરાબ થશે તેમ કહી વીધીના નામે ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી ઉપરોકત રોકડા રૂપિયા તથા સોનાનો ૦૫ તોલાનો હાર સહિતના મુદ્દામાલ સાથે નાસી જઈ, ઈ.પી.કોડની કલમ-૪૦૬,૪૨૦ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૭).. ઉપરોકત મુદ્દાઓના કારણો સહીતના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમા,

(૨) આખરી હુકમ મુજબ.

**::: કારણો :::**

◆ **મુદા નં-(૧) :**

૮).. હાલના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦ હેઠળના ગુનાનો આક્ષેપ છે, નામ.સુપ્રિમ કોર્ટે

***AIR 1977 SUPREME COURT 170 "Rabindra Kumar Dey V. State of Orissa" ના ચુકાદામાં ઠરાવેલ છે કે,***

***Three cardinal principles of criminal jurisprudence are well settled namely:***

***[1] that the onus lies affirmatively on the prosecution to prove its case beyond***

***reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;***

***[2] that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and***

***[3] that the onus of the prosecution never shifts.***

આમ ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર આરોપીઓ વિરુધ્ધનો ગુનો શંકારહીત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે.

૯).. સદરહુ કામે ફરિયાદપક્ષ તરફથી ફરીયાદી અમિતભાઈ રમેશભાઈ પણસારા તેમની આંક – ૦૯ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૩ ની સાલમાં બનેલો. જેની મેં ફરીયાદ આપેલી. આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કે છેતરપીંડી કરી અમારી રોકડ રકમ કે સોનાનો હાર મેળવી લીધેલો હોય તેવું બનેલ નથી. આરોપી સાથે માત્ર બોલાચાલી થયેલી જેની મેં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છુ જેને રજુ દા.આંક–૧૦ આપવામાં આવે છે આરોપી સાથે મારે સમાધાન થઈ ગયેલ છે હું આ કેસ આગળ ચલાવવા માં ગતો નથી.

સદરહું ફરીયાદીને એ.પી.પી.શ્રીને વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકત બહાર આવવા પામેલ નથી.

સદરહું ફરીયાદીની આરોપી તરફે કરવામાં ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામે આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી રોકડ રકમ તથા સોનાનો હાર છેતરપીંડી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં શું લખેલુ છે તે મેં વાંચેલ નથી ફકત સહી કરેલ છે. એ વાત ખરી છે કે, રોકડ રકમ તથા સોનાનો હાર કોર્ટમાં અરજી કરતાં અમોને મળી ગયેલ છે.

૧૦)... ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ રમીલાબેન રમેશભાઈ પણસારાને આંક–૧૧ થી તપાસવામાં

આવેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, બનાવ ૨૦૨૩ ની સાલમાં બનેલો. જેની મારા દીકરાએ ફરીયાદ આપેલી. આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કે છેતરપીંડી કરી અમારી રોકડ રકમ કે સોનાનો હાર મેળવી લીધેલો હોય તેવું બનેલ નથી. આરોપી સાથે માત્ર બોલાચાલી થયેલી. આરોપી સાથે મારે સમાધાન થઈ ગયેલ છે હું આ કેસ આગળ ચલાવવા માંગતો નથી.

સદરહું સાહેદને એ.પી.પી.શ્રીને વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકત બહાર આવવા પામેલ નથી.

સદરહું ફરીયાદીની આરોપી તરફે કરવામાં ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામે આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી રોકડ રકમ તથા સોનાનો હાર છેતરપીંડી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી રોકડ રકમ તથા સોનાનો હાર છેતરપીંડી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, નીવેદનમાં શું લખેલુ છે તે મેં વાંચેલ નથી ફકત સહી કરેલી છે એ વાત ખરી છે કે, રોકડ રકમ તથા સોનાનો હાર કોર્ટમાં અરજી કરતા અમોને મળી ગયેલ છે.

**૧૧)...** આમ, આ કામે ફરીયાદપક્ષે જેવો અને જેટલો પુરાવો રજુ થયેલ છે જે ધ્યાને લેતાં આમ, ફરીયાદી અમીતભાઈ રમેશભાઈ પણસારાને આંક–૦૯ થી તથા સાહેદ રમીલાબેન રમેશભાઈ પણસારાને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને બીલકુલ સમર્થન આપેલ નથી અને તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામે આરોપીએ અમારી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી રોકડ રકમ તથા સોનાનો હાર છેતરપીંડી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં શું લખેલુ છે તે મેં વાંચેલ નથી ફકત સહી કરેલ છે. એ વાત ખરી છે કે, રોકડ રકમ તથા સોનાનો હાર કોર્ટમાં અરજી કરતાં અમોને મળી ગયેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષ હાલના કામે અન્ય કોઈ સાહેદોનો પુરાવો રેકર્ડ પર લાવેલ નથી જેથી હાલના કામે અટક કરેલ આરોપીઓએ તા.૦૮/૧૨/૨૦૨૩ ના કલાક બપોરના આશરે અગીયારેક

વાગ્યાના અરસામાં સાંઢવાય ગામે ફરીયાદી અમીતભાઈ રમેશભાઈ પરસાણાના રહેણાંક મકાને આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પોતાના ભાઈ ભાવેશ ઉર્ફે જીગો જેની સગાઈ થતી ન હોય અને જો સગાઈ કરવી હોય તો એક વીધી કરવી પડશે પરંતુ વીધીમાં રૂા.બાવન હજાર રોકડા રૂપિયા મુકવા પડશે તેમ કહી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસેથી રૂા.૫૧,૦૦૦/- રોકડા તથા સાહેદ રમીલાબેનનો ૦૫ તોલાનો સોનાનો હાર મળી કુલ રૂા.૩,૨૧,૦૦૦/- (ત્રણ લાખ એકવીસ હજાર પુરા) એક રૂમાલમાં રાખી પોટલીમાં બાંધી લઈ વિધી પુર્ણ કરી જો આ વીધી બાબતે કોઈને કહેશો તો તમારા ઘરમાં ખરાબ થશે તેમ કહી વીધીના નામે ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી ઉપરોકત રોકડા રૂપિયા તથા સોનાનો ૦૫ તોલાનો હાર સહિતના મુદ્દામાલ સાથે નાસી ગયેલ હોય, તેવુ રેકર્ડ પર આવવા પામેલ નથી. આ સિવાય આરોપીઓ વિરૂધ્ધ કોઈ પ્રત્યક્ષ, પરોક્ષ તેમજ સમર્થનકારી પુરાવો ઉપલબ્ધ નથી.

**૧૨)..** આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ બનાવના દિવસે અને બનાવના સમયે હાલના જ આરોપીઓએ તા.૦૮/૧૨/૨૦૨૩ ના કલાક બપોરના આશરે અગીયારેક વાગ્યાના અરસામાં સાંઢવાય ગામે ફરીયાદી અમીતભાઈ રમેશભાઈ પરસાણાના રહેણાંક મકાને આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પોતાના ભાઈ ભાવેશ ઉર્ફે જીગો જેની સગાઈ થતી ન હોય અને જો સગાઈ કરવી હોય તો એક વીધી કરવી પડશે પરંતુ વીધીમાં રૂા.બાવન હજાર રોકડા રૂપિયા મુકવા પડશે તેમ કહી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસેથી રૂા.૫૧,૦૦૦/- રોકડા તથા સાહેદ રમીલાબેનનો ૦૫ તોલાનો સોનાનો હાર મળી કુલ રૂા.૩,૨૧,૦૦૦/- (ત્રણ લાખ એકવીસ હજાર પુરા) એક રૂમાલમાં રાખી પોટલીમાં બાંધી લઈ વિધી પુર્ણ કરી જો આ વીધી બાબતે કોઈને કહેશો તો તમારા ઘરમાં ખરાબ થશે તેમ કહી વીધીના નામે ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી ઉપરોકતના રોકડા રૂપિયા તથા સોનાનો ૦૫ તોલાનો હાર સહિતના મુદ્દામાલ સાથે નાસી ગયેલ હોય, તેવું સાબીત કરવા ફરીયાદપક્ષ નીષ્ફળ ગયેલ છે. આમ, ઉપર કરેલ ચર્ચા અને સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ મુદ્ધા નં.૧ પુરાવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર-(૧) નો નિર્ણય ''**નકાર**'' માં આપી મુદ્દા નંબર-(૨) પરત્વે નીચે મુજબ ''**આખરી હુકમ**'' કરવામાં આવે છે.

// **<u>આ ખ રી હુ ક મ</u>** //

**(૧)** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ :૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની

કલમ– ૪૦૬,૪૨૦ મુજબના ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ વીગતેનો તમામ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દમાલ પાવતીમાં દર્શાવેલ વીગતેનો તમામ મુદ્દામાલ તેના મુળ માલીકની ખરાઈ કરી પરત કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ રૂ.૧૦,૦૦૦/– જામીન ખત સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) મુજબ ૬ માસના સમય સુધીના અને અપીલ સમય સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૮મી, માંહે : –એપ્રિલ, સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કોટડાસાંગાણી

તારીખ : ૦૮/૦૪/૨૦૨૬

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

કોટડા સાંગાણી.

**U.I.C. NO. GJ01748**